નગરપાલિકાના કર્મચારીઓને રાજ્ય સરકારનાં કર્મચારીઓના ધોરણે પાંચમાં પગાર પંચની ભલામણ મુજબના પગાર ધોરણો અપનાવવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક પગર/૧૦૯૮/૮૩/ભાર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 2 JUN 1998

**ઠરાવઃ-**

રાજ્ય સરકારે પાંચમા પગાર પંચની જ્યારે રચના કરી હતી ત્યારે તેનાં કાર્યક્ષેત્રમાં નગરપાલિકાના કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવેલ ન હતો. નગરપાલિકાઓનો વહીવટ ગુજરાત નગરપાલિકા અધિનિયમની જોગવાઇઓ મુજબ નગરપાલિકાઓ ચલાવે છે અને તે કાયદાની જોગવાઈ મુજબ નગરપાલિકાઓ જે આવકનાં સાધનો ઉપસ્થિત કરે છે તથા રાજ્ય સરકાર તરફથી કેટલાક અનુદાનો આપવામાં આવે છે તે તમામ આવકની મર્યાદામાં નગરપાલીકાઓએ પોતાનાં કર્મચારીઓની સંખ્યા, લાયકાત, તેનાં પગાર ધોરણ તથા અન્ય સવલતો વિગેરે અંગે નિયમો બનાવીને નગરપાલિકા નિયામકશ્રીની મંજૂરી મેળવીને અમલમાં મૂકવાના હોય છે. કેટલીક નગરપાલિકાઓએ પોતાની નાણાંકીય સ્થિતિને અનુલક્ષીને પાંચમાં પગાર પંચની ભલામણો મુજબનાં પગાર ધોરણો તેમના કર્મચારીઓને આપવા અંગેની દરખાસ્તો નિયામકશ્રી નગરપાલિકાઓને તેમજ સરકારશ્રીને રજૂ કરેલી છે. આ બાબતમાં તમામ પાસાઓની વિચારણા રાજ્ય સરકારે કરી છે અને જો નગરપાલિકાઓ પોતાની આવક તથા અન્ય રીતે નાણાંકીય સ્થિતિની સધ્ધરતાની મર્યાદામાં તેમનાં કર્મચારીઓને પાંચમાં પગાર પંચે સુચવેલાં પગાર ધોરણો આપવા માટે ઠરાવ કરીને નગરપાલિકા નિયામકશ્રીની મંજૂરી માટે દરખાસ્તો મોકલે તો તે નીચે દર્શાવેલ શરતોએ મંજૂર કરવાનાં રહેશે.

(૧) નગરપાલિકાઓ દ્વારા જે પગાર ધોરણો કે જગાઓ સક્ષમ સત્તાધિકારીની મંજૂરી વગર ઉભી કરવામાં આવી હશે તેને આવો લાભ મળવાપાત્ર થશે નહી.

(૨) જે નગરપાલિકાઓ દ્વારા રાજ્ય સરકારની નીતિ મુજબ મંજૂર થયેલ જગાઓમાં ૧૦% કાપ મૂકેલ હશે તે જ નગરપાલિકાઓને પાંચમા પગાર પંચના પગાર-ધોરણોનો લાભ આપવાનો રહેશે.

૨..

(૩) પાંચમા પગારપંચ મુજબના પગારધોરણોનું રીવીઝન સ્કેલ ટુ સ્કેલ મુજબ જ રહેશે. પોસ્ટ ટુ પોસ્ટ રહેશે નહી.

(૪) જે નગરપાલિકા પોતાની મહેસુલી આવકના ૪૫ % થી વધારે મહેકમ ખર્ચ ન કરતી હોય તેવી સંસ્થાઓને જ નવા પગારધોરણ મંજૂર કરવાના રહેશે. અને મહેકમ ખર્ચ ૪૫ % ની મર્યાદામાં રાખે તો જ નગરપાલિકાઓ નિયત થયેલ ગ્રાન્ટ મેળવવાને પાત્ર થશે.

(૫) ગ્રાન્ટ ઈન એઈડ કોડની શરતોને આધીન રહીને પાંચમા પગાર પંચના પગાર ધોરણનો લાભ આપવા બાબતની ગ્રાન્ટ આપવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તારીખ ૨૪/૫/૯૮ ના રોજ મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.આર.પટણી)
ઉપ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

નકલ રવાના પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર,
- મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- સર્વે મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય ઓડીટ-૧, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત ઓડીટ-૨, રાજકોટ,
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, રાજકોટ,
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર,
- સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક મંડળ હિસાબ, અમદાવાદ
- ચીફ ઓફીસરશ્રી / વહીવટદારશ્રી, સર્વે નગરપાલિકાઓ,
- મુખ્ય કારોબારી / અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ, અમદાવાદ
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગની સર્વે શાખાઓ,
- સિલેક્ટ ફાઈલ,
- પર્સનલ ફાઈલ.

વોરા